અપીલ અરજી નં.૨૧૦ તા.૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનવર એ. ઘાંચી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મહાપ્રભુનગર ગલી નં–૧થી મેઈનરોડ પર્વતપાટિયા જૂના જકાતનાકાની સામે ,મુદ્દા નં.(૨) મહાપ્રભુનગર ગલી નં–૬ થી ૮ની અંદર ચાલતા ઘણાખરા બાંધકામો તેમજ આ ગલીના બાંધકામોની પાછળ આશરે આઠ(૮) ગાળાનું બાંધકામ ચાલું છે આ તમામ બાંધકામોની કાયદેસરતા તથા તમામ બાંધકામોના પ્લોટ નં., સર્વે નં. સહિતની વિગતો તેમજ મહાપ્રભુનગરની પાછળ ગલી નં.૬થી ૮ના પાછળના ભાગે જે આશરે ૮ગાળાના બાંધકામ ચાલું છે તે તમામના પ્લોટ નં. તેમજ સોસાયટીના નામ સહિત મુદ્દા નં.૧ અને ૨માં ચાલી રહેલ તમામ બાંધકામોની કાયદેસરતા જણાવી ઉપરોકત સ્થળોએ ચાલી રહેલ બાંધકામો પ્લોટ વાઈઝ તેમજ તમામ બાંધકામ લે–આઉટ મુજબ કેટલા ક્ષેત્રફળમાં નિયમ મુજબ બાંધકામ કરવા જોઈએ તથા કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ ચાલી રહેલ છે જેની તમામ માહિતી આપવી તેમજ તમામ બાંધકામની કાયદેસરતાની માહિતી તેમજ ચાલી રહેલ બાંધકામો પ્લાન પાસ મુજબ છે કે કેમ ? ચાલી રહેલ બાંધકામો કાયદેસરતાના હોય તો તેઓ વિરુધ્ધ આજ દિન સુધી કઈ કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે અથવા નોટીસ આપવામાં આવેલ હોય તો તે તમામની માહિતી નકલો સહિત આપવી તથા આજદિન સુધી કાર્યવાહી કરવામાં ન આવેલ હોય તો તેના ઠોસ કારણો અને તેના માટે બેજવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૦/૨૦૧૧–૧૨

શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મહાપ્રભુનગર ગલી નં–૧થી મેઈનરોડ પર્વતપાટિયા જૂના જકાતનાકાની સામે ,મુદ્દા નં.(૨) મહાપ્રભુનગર ગલી નં–૬ થી ૮ની અંદર ચાલતા ઘણાખરા બાંધકામો તેમજ આ ગલીના બાંધકામોની પાછળ આશરે આઠ(૮) ગાળાનું બાંધકામ ચાલું છે આ તમામ બાંધકામોની કાયદેસરતા તથા તમામ બાંધકામોના પ્લોટ નં., સર્વે નં. સહિતની વિગતો તેમજ મહાપ્રભુનગરની પાછળ ગલી નં.૬થી ૮ના પાછળના ભાગે જે આશરે ૮ગાળાના બાંધકામ ચાલું છે તે તમામના પ્લોટ નં. તેમજ સોસાયટીના નામ સહિત મુદ્દા નં.૧ અને ૨માં ચાલી રહેલ તમામ બાંધકામોની કાયદેસરતા જણાવી ઉપરોકત સ્થળોએ ચાલી રહેલ બાંધકામો પ્લોટ વાઈઝ તેમજ તમામ બાંધકામ લે–આઉટ મુજબ કેટલા ક્ષેત્રફળમાં નિયમ મુજબ બાંધકામ કરવા જોઈએ તથા કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ ચાલી રહેલ છે જેની તમામ માહિતી આપવી તેમજ તમામ બાંધકામની કાયદેસરતાની માહિતી તેમજ ચાલી રહેલ બાંધકામો પ્લાન પાસ મુજબ છે કે કેમ ? ચાલી રહેલ બાંધકામો કાયદેસરતાના હોય તો તેઓ વિરુધ્ધ આજ દિન સુધી કઈ કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે અથવા નોટીસ આપવામાં આવેલ હોય તો તે તમામની માહિતી નકલો સહિત આપવી તથા આજદિન સુધી કાર્યવાહી કરવામાં ન આવેલ હોય તો તેના ઠોસ કારણો અને તેના માટે બેજવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની મિલકત–વિસ્તારની જવાબદાર અધિકારીની મુલાકાતની નોંધ દફતરે હોય તો તે પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૦ તા.૧૬–૮–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના દાવાનુસાર બાંધકામ ચાલું હોવાનું અને કચેરીની જાણ હેઠળ હોય તેવા કોઈ આધાર તેઓની કક્ષાએ હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૪૫ ૪–૭–૧૧ થી લીંબાયતઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૬–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ બાબત હેઠળની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનવર એ. ઘાંચી,